## આણંદ કૃષિ યુનિવર્સિટી દ્રારા
## અમદાવાદ જીલ્લા ખાતે ધોરણ ૧૦ અને ૧૨ પછી કૃષિ અને સંલગ્ન વિષયોમાં પ્રવેશપ્રક્રિયા તથા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન

અમદાવાદ જિલ્લામાં સંકલ્પ ઈનટરનેશનલ સ્કુલ, અમદાવાદ ખાતે તા.૨૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ધોરણ ૧૦ અને ૧૨ પછી કૃષિ અને સંલગ્ન વિષયોમાં ઉપલબ્ધ અભ્યાસક્રમોમાં પ્રવેશપ્રક્રિયા તેમજ કારકિર્દીની તકો અંગે આણંદ કૃષિ યુનિવર્સિટી દ્રારા વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરિયા અને કુલસચિવશ્રી, ડૉ. જી. આર. પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ તેમજ શ્રી રોહિતભાઈ ચૌધરી, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, અમદાવાદ(શહેર) અને શ્રીમતી કૃપા ઝા, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, અમદાવાદ(ગ્રામ્ય) તથા સંકલ્પ ઈનટરનેશનલ સ્કુલ, અમદાવાદ ના સહયોગથી આયોજિત આ સેમિનારમાં યુનિવર્સિટીના વિવિધ તજજ્ઞો દ્રારા વિદ્યાર્થીઓને કૃષિ અને સંલગ્ન ક્ષેત્રમાં ઉન્નત અભ્યાસ, ટેકનિકલ કોર્ષિસ, તથા ઔધ્યોગિક તકો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું. સેમિનારમાં ઉપસ્થિત લગભગ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓ માટે આ કાર્યક્રમ માહિતીપ્રદ અને પ્રેરણાદાયક સાબિત થયો હતો. યુનિવર્સિટીના તજજ્ઞો દ્રારા કૃષિમાં નવીન સંશોધન અને ટેકનોલોજી અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા.

સદર કાર્યક્રમમાં ફુડ પ્રોસેસિંગ ટેક્નોલૉજી અને બાયોએનર્જી મહાવિદ્યાલય, આણંદના આચાર્યશ્રી ડૉ.સમિત દત્તા દ્રારા સદર અભ્યાસક્રમોનું મહત્વ અને તેની ઉપયોગિતા, ડો.નિશ્ચલ ચાવડા, સહપ્રાધ્યાપક, ફુડ પ્રોસેસિંગ ટેક્નોલૉજી અને બાયોએનર્જિ મહાવિદ્યાલય, આણંદ દ્રારા સ્નાતક કક્ષાના લગતા અભ્યાસક્રમોની માહિતી, પ્રવેશ, અભ્યાસ પદ્ધતિ, ઉપલબ્ધ ભૌતિક સગવડો, તેમજ અભ્યાસ બાદ રોજગારીની તકો વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ ડૉ.પંકજ પરસાણીયા, સહપ્રાધ્યાપક, ફુડ પ્રોસેસિંગ ટેક્નોલૉજી અને બાયોએનર્જિ મહાવિદ્યાલય, આણંદ દ્રારા પોલિટેકનિક કક્ષાના રાજ્યની તમામ કૃષિ યુનિવર્સિટીઓ દ્રારા ચલાવવામાં આવતા તમામ અભ્યાસક્રમોની માહિતી તથા રોજગારીની તકો વિષે માહિતી પૂરી પાડવામાં આવેલ હતી. સદર કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની પોલિટેકનિક અને સ્નાતક કક્ષાની વિવિધ મહાવિદ્યાલયોની વિડીયો ક્લિપ બતાવી તેમજ સદર અભ્યાસક્રમોની માહિતી આપતું સાહિત્ય વિયતરણ કરી સદર મહાવિદ્યાલયો અને ઉપલબ્ધ સુવિધાઓથી માહિતગાર કરવામાં આવેલ.

સદર કાર્યક્રમ દરમ્યાન જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, અમદાવાદની કચરી તરફથી મદદનીશ શિક્ષણ નિરિક્ષક શ્રી નવલસિંહ ભાઈ, શ્રીમતી અંજનાબેન તથા શ્રીમતી આશાબેન, સંકલ્પ ઈનટરનેશનલ સ્કુલ, અમદાવાદ ના મેનેજીંગ ડીરેક્ટર, શ્રી બીપીનભાઈ આટ્રેજા, કેમ્પસ ડીરેક્ટર શ્રી, અન્કીતસિંહ વાઘેલા, અને વિદ્યાલયના સ્ટાફમિત્રોની પ્રેરણાદાયી ઉપસ્થિતિ રહેલ હતી.

આ સેમિનારનો મુખ્ય આશય વિદ્યાર્થીઓમાં કૃષિ ક્ષેત્રે શિક્ષણ અને કારકિર્દીની શક્યતાઓ વિષે જાગૃતિ વધારવાનો અને વિદ્યાર્થીઓને ભવિષ્યમાં પોતાનો યોગ્ય માર્ગ પસંદ કરવામાં મદદરૂપ થવાનો હતો.






